
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'A' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન
## Dakshinayan e-Newsletter
For Private Circulation Only

Vol. 13, Issue. 232, April 2022

સ્વસ્થ થવાનો ઇલાજ છે કેળવણી, સાચી રીતને કેળવણી, માનવીય સંબંધોની વિવિધતામાં પ્રેમનું વહેણ સજીવન કરી શકે એવી કેળવણી. કેળવણી કામ પાડે છે માનવ વ્યકિતઓથી. એ તો છે **उप** + **नि** + **षद** (પાસે પાસે બેઠક), શીખવનાર અને શીખનારનું સાન્નિધ્ય. એક માનવવ્યકિત અને બીજી વચ્ચે એ વાર્તા – સંલાપ છે, બે જણ વચ્ચેનો સંવાદ (ડાય–લોગ) છે.

– ઉમાશંકર જોશી

## દિપે અરુણું પરભાત

**પ્રિય વાચક મિત્રો,**

કેળવણી એટલે શું ? જો તેનો અર્થ અક્ષરજ્ઞાન એટલો જ હોય તો તે તો એક હથિયારરૂપ થયું. તેનો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. એક હથિયારથી વાઢ કાપ કરી દરદીને સાજો કરાય. તે જ હથિયાર જાન લેવાને વપરાય. અક્ષરજ્ઞાનનું પણ એમ જ છે. તેનો ગેરઉપયોગ ઘણા માણસો કરે છે. આ વાત બરોબર હોય તો એમ સિદ્ધ થાય છે કે, અક્ષરજ્ઞાનથી ફાયદાને બદલે હાનિ થાય છે.

કેળવણીનો સાધારણ અર્થ અક્ષરજ્ઞાન જ થાય છે. લોકોને લખતાં, વાંચતાં હિસાબ ગણતા શીખવવું એ મૂળ અથવા પ્રાથમિક કેળવણી કહેવાય છે. એક ખેડૂત પોતે પ્રામાણિકપણે ખેતી કરી રોટી કમાય છે, તેને સાધારણ રીતે દુન્યવી જ્ઞાન છે. તેણે મા–બાપ પ્રત્યે કેમ વર્તવું, તેને પોતાની સ્ત્રી પ્રત્યે કેમ વર્તવું, છોકરાં તરફ કેમ ચાલવું, જે ગામડામાં તે વસે છે ત્યાં તેણે કેમ રીત ભાત રાખવી, આ બધાનું જ્ઞાન પૂરતું છે તે નીતિના નિયમો સમજે છે ને પાળે છે. તેને પોતાની સહી કરતાં નથી આવડતું. આ માણસને તમે અક્ષરજ્ઞાન આપી શું કરવા માગો છે ? તેના સુખમાં શું વધારો કરશો ? તેના ઝૂંપડાથી કે તેની સ્થિતિથી તમારે તેને અક્ષરજ્ઞાન આપવાની જરૂર નથી. પશ્ચિમના પ્રતાપમાં દબાઈ જઈ આપણે લઈ ભાગીએ છીએ કે લોકોને કેળવણી આપવી, પણ તેમાં આગળ પાછળનો વિચાર કરતા નથી.

હવે ઊંચી કેળવણી લઈએ. હું ભૂગોળવિદ્યા શીખ્યો. બીજગણિત મને આવડયું. મેં ભૂમિતિનું જ્ઞાન લીધું. ભૂસ્તરવિદ્યાને ભૂંસી બાળી. તેથી શું ? તેથી મેં મારું શું ઉજાળ્યું ? ને મારી આસપાસનાનું શું ઉજાળ્યુ ? મેં તે જ્ઞાન શા હેતુથી લીધું ? તેમાં મને શો ફાયદો થયો ?

ઉપર હું જે શાસ્ત્રો ગણાવી ગયો તેનો ઉપયોગ મારા શરીરને કે મારી ઇન્દ્રિયોને વશ કરવામાં મારે નથી કરવો પડયો, એટલે પ્રાથમિક કેળવણી લો, ઊંચી કેળવણી લો, પણ તેનો ઉપયોગ મુખ્ય વાતમાં નથી આવતો : તેથી આપણે માણસ નથી બનતા.

આ ઉપરથી એમ માનવાનું નથી કે, હું અક્ષરજ્ઞાનને દરેક સ્થિતિ માટે વખોડી કાઢું છું. હું એટલું જ બતાવવા માગું છું કે તે જ્ઞાનની આપણે મૂર્તિપૂજા નથી કરવાની. તે કંઈ તે જ્ઞાનની આપણે મૂર્તિપૂજા નથી કરવાની. તે કંઈ આપણી કામઘેનું નથી. તેની જગ્યાએ તે શોભી શકે છે. અને તે જગ્યા તો એ છે કે, જયારે મેં ને તમે આપણી ઇન્દ્રિયોને વશ કરી હોય, જયારે આપણે નીતિનો મજબૂત પાયો નાખીએ, ત્યારે આપણને અક્ષરજ્ઞાન લેવાની ઇચ્છા થાય તો તે લઈ તેનો સદુપયોગ કરી શકીએ ખરા. તે આભૂષણો રૂપે ઠીક લાગવા સંભવ છે. પણ જો અક્ષરજ્ઞાનનો એ ઉપયોગ હોય તો આપણે તેવી કેળવણી ફરજિયાત આપવાની જરૂર નથી રહેતી. આપણી પુરાણી નિશાળો બસ છે. તેમાં નીતિકેળવણીને પ્રથમ મૂકી છે, તે પ્રાથમિક કેળવણી છે. તેની ઉપર ચણતર કરીશું તે નભી શકશે.

(સાભાર : ખરી કેળવણી. ગાંધીજી. અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર, ૨૦૦૫. પૃ.; ૩–૫).

આપ સૌને વેકેશનની શુભેચ્છાઓ.

**તા. ૨૦ મે, ૨૦૨૨**

**(ડૉ. કિશોરસિંહ ચાવડા)**
**કુલપતિશ્રી**

## યુનિવર્સિટી ન્યૂઝ

### જનસંખ્યા નિયંત્રણ બીલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૧–૦૪–૨૦૨૨નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે "જનસંખ્યા નિયંત્રણ બીલ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન અને મુખ્ય વકતા તરીકે દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અને રાજ્યસભા સંસદશ્રી ડૉ. રાકેશ સિન્હા ઉપસ્થિત રહ્યા હતા. ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરી તેમજ સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. સિન્હાનું સ્વાગત અખિલ ભારતીય શૈક્ષિક મહાસંઘ વતી ડૉ. વિપુલ સોમાણી, ડૉ. કેતન દેસાઈ ભારતીય શિક્ષણ મંડળ તરફથી ડૉ. બાદલ, એ.બી.વી.પી. તરફથી ડૉ. નિલેષ પટેલ, અધ્યયન મંડળ તરફથી ડૉ. કે. સી. પોરીયા અને યુનિવર્સિટી વતી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડૉ. સિન્હાએ જણાવ્યું હતું કે, Parliamentમાં જનસંખ્યા નિયંત્રણનું બીલ મુકવામાં આવેલ હતું, જેમાં કોઈપણ પ્રકારના ધર્મનો ઉલ્લેખ કરેલ ન હતો. તેમના દ્વારા જનસંખ્યા વિષય પર જુદી–જુદી બાબતની આંકડાકીય માહિતી આપવામાં આવી હતી. જનસંખ્યાની અસંતુલન્તાના દુષપરિણામો સમજાવ્યા હતા. આવનાર સમયમાં આ બીલ કેટલું મહત્વપૂર્ણ છે અને કેમ આવશ્યક છે તેની વિસ્તૃત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ વિવિધ અનુસ્નાતક વિભાગોના પ્રાધ્યાપકશ્રીઓ તેમજ સુરત શહેરમાં આવેલ કોલેજોના પ્રાધ્યાપકશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેના કારણે તાત્કાલિક બીજી લાઈવ સ્ક્રીનની વ્યવસ્થા સેનેટ હોલ ખાતે કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિતીમાં શ્રીકાંત જી કાટદરે, શ્રી કેતનભાઈ લાપસીવાલા, શ્રી કેતનભાઈ શાહ, શ્રી અશોક અગ્રવાલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.









### નેશનલ એજ્યુકેશન – ૨૦૨૦



કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરીની હાજરીમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૪–૪–૨૦૨૨નાં રોજ બપોરે ૧૨:૦૦ કલાકે "નેશનલ એજ્યુકેશન–૨૦૨૦" કાર્યક્રમનું

આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન અને મુખ્ય વકતા તરીકે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાનના રાષ્ટ્રીય સચિવ ડૉ. અતુલભાઈ કોઠારી તેમજ સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કે. સી.પોરિયા, શ્રી કિરણ ઘોઘારી અને પૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કેતન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમમાં ડૉ. કોઠારી દ્વારા આવનાર સમયમાં નવી શિક્ષણનીતિને પ્રાધ્યાપકોએ સ્વયં અભ્યાસ કરીને સમયમર્યાદાના અંદર કેવી રીતે લાગુ કરી શકાય તે વિષય પર વિસ્તૃત ચર્ચા કરી હતી અને ત્યારબાદ અનેક પ્રશ્નોના જવાબો પણ ચર્ચા સ્વરૂપમાં આપ્યા હતા. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ વિવિધ અનુસ્નાતક વિભાગોના પ્રાધ્યાપકશ્રીઓ તેમજ સુરત શહેરમાં આવેલ કોલેજોના અધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ.ના આસી. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવેલ હતું.









## કલા મહોત્સવ







તા. ૨૭ એપ્રિલ થી ૯ મે, ૨૦૨૨ સુધી યુનિવર્સિટીનાં લાયબ્રેરી પરિસર ખાતે પૂર્વયોજિત કાર્યક્રમ કલા મહોત્સવનું તા. ૨૭-૪-૨૦૨૨ના રોજ પદ્મશ્રી મથુરભાઈ સવાણીનાં વરદ્ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ફાઈન આર્ટસનાં પ્રથમ વર્ષથી લઈને અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓએ પોતાના અભ્યાસ દરમ્યાન પેઈન્ટીંગ, સ્કલ્પચર, પ્રિન્ટમેકિંગ અને અપ્લાઈડ આર્ટ જેવાં વિષયોમાં તૈયાર કરેલ કલાકૃતિઓને પ્રદર્શિત કરી હતી. તેમજ પ્રદર્શનમાં જ નવતર પ્રયોગના ભાગરૂપે વિવિધ સ્ટોલ રાખવામાં આવ્યા હતાં. જેમાં વિદ્યાર્થીઓ માટે "અર્ન વ્હાઈલ લર્ન" (Earn While Learn) થઈ શકે તે માટે તેમની કલાકૃતિઓ વેચાણ માટે રાખવામાં આવેલ હતી. જેમની કિંમત વિદ્યાર્થીઓને આપી દેવામાં આવશે.

સવારે ૧૦:૩૦ ના ટકોરે શરૂ કરવામાં આવેલા કાર્યક્રમની શરૂઆત કરતાં વિભાગનાં કો-ઓર્ડિનેટરશ્રી

રાજેશ મહેતા દ્વારા કલાનું મહત્વ, કલાની સમજણ અને કલા મહોત્સવની જરૂરીયાત અંગે માહિતી આપી હતી. ત્યારબાદ પદ્મશ્રી મથુરભાઈએ તેમની આગવી છટામાં જીંદગી જીવવાની ફિલોસોફી સમજાવતા જણાવ્યું કે, વ્યકિતએ પોતાની જીવનયાત્રા દરમ્યાન જીવનને સાર્થક બનાવવા માટે પોતાને ભાગે આવતું કામ સંપૂર્ણ સમર્પણની ભાવનાથી કરવું જોઈએ. જીવન આપોઆપ સાર્થક થઈ જશે. વળી, જ્ઞાન એક મહાસાગર છે. મહાસાગરમાં ભટકી જવાને બદલે પોતાનું લક્ષ્ય અને તે માટે જરૂરી એવી પોતાની સમજણનો યથાર્થ ઉપયોગ કરીને પુરુષાર્થ કરવો. જેથી યોગ્ય ફળ આપોઆપ મળશે. પ્રેસીડેન્સીયલ સ્પીચ આપતાં યુનિવર્સિટીના કુલપતિશ્રીએ યુનિવર્સિટીનાં અન્ય તમામ અભ્યાસક્રમોની તુલનામાં ફાઈન આર્ટ્સ અને કલા મહોત્સવમાં થતી પ્રવૃતિઓ આવતા દિવસોમાં સુંદર રીતે ચાલુ રહે, તેનાં દ્વારા વધુ ને વધુ લાભ વિદ્યાર્થીઓને અને સમગ્ર દક્ષિણ ગુજરાતની પ્રજાને મળે, તેમને કલાભિમુખ કરીને સકારાત્મક કરી શકાય તે માટે કટિબધ્ધતા જાહેર કરી હતી.


















## Selfi With Parinda





કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરીની હાજરીમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૮–૪–૨૦૨૨નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કેમ્પસ ખાતેથી "Selfi With Parinda" નામે એક મુહિમ શરુ કરવામાં આવેલ હતી. ઉનાળાના આ સમયગાળામાં પક્ષીઓ પાણીની શોધમાં દુરદુર ફરતા રહેતા હોય છે, છતાં પણ પક્ષીઓને પાણી મળતું નથી. યુવા વિદ્યાર્થીઓની સંવેદના પશુ અને પક્ષીઓ સાથે જોડાઈ અને તે દિશામાં નૂતન પ્રયાસ થાય તે હેતુથી અબોલા પક્ષીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા "Selfi With Parinda" નામે એક મુહિમ શરુ કરવામાં આવેલ છે. આ મુહિમમાં એન.એસ.એસ. અંતર્ગત ૭૭ કોલેજોમાં કાર્યરત ૩૦,૦૦૦ થી વધુ સ્વયંસેવકો પોતાના ઘરે, ઘરની અગાસી પર, કોલેજમાં, કોલેજની આજુબાજુનાં વૃક્ષો પર પક્ષીઓ માટે પાણીના કુંડા લગાવશે અને નિયમિત દેખરેખ રાખી જતન કરશે, તેમજ પાણીના કુંડા લગાવ્યા પછી પણ તેમાં પાણી ભરવાની નિરંતર ચિંતા કરશે, પાણીના કુંડા લગાવી તેના સાથે સેલ્ફી લઈ સોશિયલ મીડિયા પર અપલોડ કરી લોકોમાં જાગૃતતા ફેલાવશે. આ મુહીમના શુભારંભમાં બાયોટેકનોલોજી વિભાગના ૨૦૦ થી વધુ સ્વયંસેવકો હાજર રહ્યા હતા. વધુમાં આ કાર્યક્રમના આયોજક એન.એસ.એસ. વિભાગના શ્રી પ્રકાશચંદ્ર, ગ્રામઅભ્યાસ વિભાગના વડાશ્રી ડૉ. વિપુલભાઈ સોમાણી સાથે એન.એસ.એસ વિભાગના ડૉ. વત્સલભાઈ પટેલ, એમ.બી.એ. ડીપાર્ટમેન્ટના ડૉ. વિનોદભાઈ પટેલ અને બાયોટેકનોલોજી વિભાગના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી તન્વીબેન તમાકુવાલા હાજર રહ્યા હતા.







## World Health Day

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના હેલ્થ સેન્ટર ખાતે તા. ૭–૪–૨૦૨૨ના રોજ World Health Day નિમિત્તે રાજ્ય સરકારના આયુષ વિભાગના સહયોગથી 'મેગા આયુષ કેમ્પ' યોજાયો હતો. આ કેમ્પમાં ૪૬૭ થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં યુનિવર્સિટીસના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સુરત મહાનગર પાલિકાના મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાલા, સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના ચેરમેન શ્રીમતી દર્શિનીબેન અને હોસ્પિટલ કમિટીના ચેરમેન શ્રી રાજેશભાઈ જોલીયા તથા ડે. કમિશ્નર શ્રીમતી ગાયત્રીબેન ઉપસ્થિત રહ્યા હતાં.








HEALTH CENTER
આરોગ્ય કેન્દ્ર












108

## મેડલ

ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ–૨૦૨૨નું આયોજન જૈન યુનિવર્સિટી, બેંગ્લોર મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સ્વીમીંગ ભાઈઓ અને બહેનોની ટીમ તથા બોક્ષિંગ ભાઈઓની ટીમે મેડલ પ્રાપ્ત કર્યા છે. જેમાં કુ. કલ્યાણી સકસેનાએ ૫૦ મી બ્રેસ્ટ સ્ટોકમાં ચોથું સ્થાન, ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટોકસમાં બ્રોન્ઝ મેડલ, ૪૦૦ મી. આઈ.એમ.માં ગોલ્ડ મેડલ, ૨૦૦ મી. બટર ફલાઈમાં ગોલ્ડ મેડલ અને ૨૦૦ મી. આઈ.એમ.માં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ડોલ્ફી સારંગે ૧૦૦ મી. બટર ફલાઈમાં બોન્ઝ મેડલ, ૪ X ૧૦૦ મી. ફ્રી સ્ટાઈલ રીલેમાં અનિકેત, ભાર્ગવ, ઓમ અને નિલયની ટીમે આઠમું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. ૨૦૦ મી. બટર ફલાઈમાં ભાર્ગવે પાંચમું સ્થાન, ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટોકમાં સિલ્કી નાગપુરે પાંચમું સ્થાન, ૫૦ મી. ફ્રી સ્ટાઈલમાં હર્ષલ સારંગે છઠ્ઠું સ્થાન, ૧૦૦ મી. બટર ફલાઈમાં હર્ષલ સારંગે પાંચમું સ્થાન, ૨૦૦ મી. બ્રેસ્ટ સ્ટોકમાં ઓમ સકસેનાએ પાંચમું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. તથા બોક્ષિગ ભાઈઓની ટીમમાં હર્ષએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. આ તમામ વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઈ.ચા.કુલસચિવશ્રી ડૉ. જયદિપ ચૌધરી, નિયામકશ્રી પોલ ડેવિડ, બોડ ઓફ સ્પોર્ટસના ચેરમેન તથા સભ્યશ્રીઓ તેમજ સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓએ અભિનંદન પાઠવ્યાં હતા.










## પંચપ્રકલ્પ મિટિંગ

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીથી નાયબ શિક્ષણ નિયામક શ્રી મહેશ મહેતા અને યુનિવર્સિટીનાં કાર્યકારી કુલસચિવશ્રી ડૉ. જયદીપભાઈ ચૌધરી તેમજ પંચપ્રકલ્પ વિભાગના ડૉ. વત્સલ પટેલ અને શ્રી પ્રકાશચંદ્રની ઉપસ્થિતીમાં તા. ૨૭–૦૪–૨૦૨૨, બુધવારના રોજ સવારે ૧૦:૪૫ કલાકે સેનેટ હોલ ખાતે 'પંચપ્રકલ્પ' યોજના અંતર્ગત એક મીટીગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં સુરત શહેર ખાતે કાર્યરત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના પંચપ્રકલ્પ નોડલ ઓફિસર્સ અને કેમ્પસ ખાતે કાર્યરત તમામ અનુસ્નાતક વિભાગોના વડાશ્રીઓ અને પ્રાધ્યાપકશ્રીઓ હાજર રહ્યા હતા. મિટિંગમાં શ્રી મહેતા દ્વારા COGENT PORTAL અને ગુજરાત સરકારશ્રીની આઝાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ–શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ "પંચપ્રકલ્પ" વિષે વિસ્તૃત માહિતી આપી હતી.
















## શિક્ષણમાં ભારતીયતા

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની ઉપસ્થિતીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા તા. ૨૮-૪-૨૦૨૨નાં રોજ બપોરે ૩:૦૦ કલાકે 'શિક્ષણમાં ભારતીયતા' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, મુખ્ય મહેમાન અને મુખ્ય વકતા તરીકે પ્રસિધ્ધ લેખક અને વિચારક ડૉ. રતનજી શારદા તેમજ RSSના સહકાર્યવાહ ગુજરાત પ્રાંત શ્રી અખિલેશ પાંડે ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કેતનભાઈ દેસાઈએ વકતાશ્રીનો પરિચય કર્યો હતો. ડૉ. અર્પિત દવે દ્વારા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાનું સ્વાગત કરાયું હતું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના આર્ટ્સ ફેકલ્ટીના બોર્ડ ઓફ સ્ટડીઝના મેમ્બર્સ અને કેમ્પસમાં આવેલ વિવિધ અનુસ્નાતક વિભાગોના વિભાગીય વડાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.





## ઉજવણી અને વૃક્ષારોપણ

કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાની ઉપસ્થિતીમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા તા. ૩૦–૪–૨૦૨૨નાં રોજ સાંજે ૪:૦૦ કલાકે "ગુજરાત સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાની ઉજવણી અને વૃક્ષારોપણ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી અને પૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કેતનભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી સંલગ્ન સુરત શહેરની જુદી જુદી કોલેજોના મોટી સંખ્યામાં સ્વયંસેવકો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં કુલપતિશ્રીના કાર્યકાળનું પ્રથમ વર્ષ પૂર્ણ થતા કોલેજના સ્વયંસેવકો દ્વારા કુલપતિશ્રીને પુસ્તકો અને શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ત્યારબાદ સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન અને વ્યવસ્થા એન.એસ.એસ. વિભાગના શ્રી પ્રકાશચંદ્ર દ્વારા કરવામાં આવ્યું હતું.











## ઉપસ્થિતિ

Global Patidar Business Sammit, Suratના Exhibition-2022 સમારંભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યાં.






## વિવિધ પ્રોગ્રામો


VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
INTERNAL QUALITY ASSURANCE CELL (IQAC)
Admission 2022-23
NOW OPEN FOR REGISTRATION
For more information
0261 2388888
info@vnsgu.ac.in
Check out our website
www.vnsgu.ac.in


VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
INTERNAL QUALITY ASSURANCE CELL (IQAC)
PLACEMENT FESTIVAL
MAY 2022
VENUE : VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY LIBRARY COMPLEX
for inquiries please contact:
Now Open For Registration
For more information
0261 2388888


VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
INTERNAL QUALITY ASSURANCE CELL (IQAC)
SPORTS FESTIVAL
An Initiative under "Fit India"
STARTING FROM 8th to 24th MAY 2022
WE HAVE ORGANIZED SPORTS EVENT FOR STUDENTS AND THEIR FAMILES WHO HAVE STUDIED SINCE 1965 TILL TODAY
As an initiative to create awareness for the physical fitness of every individual of South Gujarat, VNSGU has Organized various sports events like Cricket, Kho-Kho, Kabaddi, Hocky & Volleyball at University Campus
LET THE GAMES BEGIN!
All games will start at 05:00 P.M. Onwards.
Following dates are fixed for the tournaments.
NOW OPEN FOR REGISTRATION
08 MAY CRICKET FOR ALL 5 GROUPS (M&W) starts from 08/05/2022 & Onwards
12 MAY KHO-KHO FOR ALL 5 GROUPS (M&W) starts from 12/05/2022 & Onwards
18 MAY VOLLEYBALL FOR ALL 5 GROUPS (M&W) starts from 18/05/2022 & Onwards
20 MAY KABADDI FOR ALL 5 GROUPS (M&W) starts from 20/05/2022 & Onwards
24 MAY HOCKEY FOR ALL 5 GROUPS (M&W) starts from 24/05/2022 & Onwards




## ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ

### વિદાય સમારંભ

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૧૮–૪–૨૦૨૨ના રોજ વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.







## યુનિવર્સિટી ગ્રંથાલય

### ગ્રંથાલય મુલાકાત



તા. ૨૦–૪–૨૦૨૨ના રોજ યુનિવર્સિટીના મહાત્મા ગાંધી ડિપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડી વિભાગના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમમાં ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. દિપક જી. ભોયે હાજર રહ્યા હતાં. ટેકનિકલ આસિસ્ટન્ટ ડૉ. પારૂલ પટેલે યુનિવર્સિટી ગ્રંથાલયની કાર્યપ્રણાલી, વિવિધ ગ્રંથો અને વિવિધ વિભાગોનું નિદર્શન કરાવ્યું હતું.



## ગ્રંથાલય મુલાકાત

તા. ૨૨–૪–૨૦૨૨ના રોજ બી.એડ. કોલેજ, વેડછીના ૨૦ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી તથા યુનિવર્સિટી ગ્રંથાલયની વિવિધ કાર્યપ્રણાલીઓ અને ગ્રંથોની માહિતી મેળવી હતી. આ કાર્યક્રમમાં વેડછી કોલેજના પ્રો. શ્રી મહેશભાઈ એલ. વાડીક હાજર રહ્યા હતાં. ટેકનિકલ આસિસ્ટન્ટ ડૉ. પારૂલ પટેલે યુનિવર્સિટી ગ્રંથાલયની કાર્યપ્રણાલી અને વિવિધ વિભાગોનું નિદર્શન કરાવ્યું હતું.





## ભૌતિકશાસ્ત્ર વિભાગ

યુનિવર્સિટી પરિસરમાં વર્ષ ૧૯૭૦ થી કાર્યરત ભૌતિકશાસ્ત્ર વિભાગે પોતાની સ્થાપનાના ૫૨ (બાવન) વર્ષ પૂર્ણ કર્યા છે. પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ M.Phil. પ્રોગ્રામ શરૂ કરનાર આ વિભાગ છે.

આ વિભાગમાં જુદા જુદા ત્રણ સ્પેશીયલાઈઝેશન ચલાવવામાં આવે છે. જેવા કે, ઈલેક્ટ્રોનિક્સ, મટીરીયલ સાયન્સ અને થીયરોટીકલ ફીઝીક્સ. જેનો લાભ દક્ષિણ ગુજરાતની કોલેજોમાં આ વિભાગના વિદ્યાર્થીઓ જુદા જુદા હોદ્દાઓ જેવા કે, પ્રિન્સીપાલ, હેડ, અધ્યાપક વગેરે સેવા આપી રહ્યાં છે. આ ઉપરાંત વિદેશમાં પણ ઊંચા હોદ્દાઓ પર આ વિભાગના પૂર્વ વિદ્યાર્થીઓ સેવા આપી રહ્યાં છે. આ વિભાગમાં ડિઝાઈન બીલ્ટ અને ટેસ્ટીંગ દ્વારા પ્રેક્ટીકલ કરાવવામાં આવે છે. એમ.એસ.સી.ના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પાસે અભ્યાસના ભાગરૂપે ઈનોવેટીવ પ્રોજેક્ટ કરાવવામાં આવે છે. તદ્ઉપરાંત રિસર્ચ માટેના આધુનિક સાધનો કાર્યરત છે. આ યુનિવર્સિટીમાં સૌપ્રથમ રિસર્ચ પેટન્ટ રજીસ્ટર કરાવનાર ભૌતિકશાસ્ત્ર વિભાગ છે.

આ અન્વયે તા. ૨૧/૪/૨૦૨૨ના રોજ ભૌતિકશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે સવારે ૧૧:૩૦ કલાકે પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

## અર્થશાસ્ત્ર વિભાગ

### વર્કશોપ




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગમાં તા. ૧૨–૪–૨૦૨૨નાં રોજ બપોરે ૨:૦૦ કલાકે '5 Trillion Economy and a Global Power House By 2024-25: With Refrence to Tourism and Hospitality Sector in Gujarat' વિષય પર એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના મુખ્ય મહેમાન તરીકે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. જેમાં મુખ્ય વકતા તરીકે શ્રી

મનિષભાઈ નાયક જે SATA માં અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે, શ્રી જોય ઠક્કર જેઓ SATA માં સલાહકાર તરીકે ફરજ પૂરી પાડે છે અને શ્રી સનાત રેલિયા જેઓ Hotels Owner's Associationમાં પૂર્વ અધ્યક્ષ તરીકે ફરજ બજાવતા હતા, આવા વકતાઓ વર્કશોપમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યા અતિથીઓ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. યોગેશ વાંસિયાએ અતિથીઓ તથા શ્રોતાઓનું શાબ્દિક સ્વાગત કર્યું તથા ઉપસ્થિત દરેક અતિથીઓને સ્મૃતિભેટ સ્વરૂપે પુસ્તક આપવામાં આવ્યાં. ત્યારબાદ ડૉ.શ્રીનીવાસા રાવે પોતાનું ચાવીરૂપ વકતવ્ય રજુ કર્યું જેમાં કાર્યક્રમની વિસ્તૃત માહિતી આપી. ત્યારબાદ Panel ચર્ચા કરવામાં આવી. જેમાં બીજા રાજ્ય કરતા ગુજરાત પ્રવાસન ક્ષેત્રે કઈ રીતે પાછળ છે તેના માટેના જવાબદાર કારણો અને પ્રવાસન વિકાસ દ્વારા આર્થિક વિકાસ વધારવા માટે શું કરી શકીએ તે અંગે ચર્ચા કરવામાં આવી અને તેના માટેના ઉપાયો પણ દરેક વકતા દ્વારા સુંદર રીતે રજુ કરવામાં આવ્યાં. "5 Trillion Economy and a Global Power House By 2024-25: With Refrence to Tourism and Hospitality Sector in Gujarat" વિષય પર વિસ્તૃત ચર્ચા બાદ શ્રોતાઓમાંથી વિષય સંદર્ભે પોતાના વિચારો અને સૂચનો રજુ કરવા માટે ડૉ. વિપુલ સામાણી જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગ્રામીણ વિકાસ વિભાગમાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે તથા ડૉ. ફાલ્ગુની ઠક્કર જેઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કોમર્સ વિભાગ ખાતે પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે, ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા પણ પ્રવાસન વિકાસ અંગે જરૂરી સૂચનો આપવામાં આવ્યાં. ત્યારબાદ ડૉ. ગૌરાંગ રામીએ કાર્યક્રમનાં આયોજનો માટે તક આપવા કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કાર્યક્રમનાં મુખ્ય વકતાઓને માહિતી આપવા બદલ આભાર વ્યકત કર્યો. તથા કાર્યક્રમમાં હાજર રહેલા દરેક શ્રોતાઓનો પણ આભાર વ્યકત કરી કાર્યક્રમની સમાપ્તિ કરી. આ વર્કશોપનો લાભ ૪૦ જેટલા વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના અંતે પ્રાપ્ત અમૂલ્ય સૂચનોને અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ દ્વારા એક રીપોર્ટ તૈયાર કરીને સરકારશ્રીને જમા કરાવવામાં આવ્યો હતો.














































## અર્થશાસ્ત્ર અને કોમર્સ વિભાગ

### વ્યાખ્યાન: Sastainabl Rural Devlopment in India

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ અને કોમર્સ વિભાગનાં સંયુકત પ્રયાસો દ્વારા જ્ઞાનસત્ર અંતર્ગત વિવિધ વિષયો ઉપર વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમનું પાંચમું વ્યાખ્યાન તા. ૨૪–૩–૨૦૨૨ને ગુરૂવારનાં રોજ બપોરે ૨:૦૦ કલાકે ઓનલાઈન માધ્યમથી યોજવામાં આવ્યું હતું. જેનો વિષય 'Sastainabl Rural Devlopment in India' હતો. કાર્યક્રમની શરૂઆત ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવી તેમણે મુખ્ય વકતા ડૉ. વિપુલ સોમાણી જે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ગ્રામીણ વિકાસ વિભાગમાં અધ્યાપક અને અધ્યક્ષ તરીકે ફરજ પૂરી પાડે છે, તેમનો વિસ્તાર પૂર્વક પરિચય આપી તેમનું સ્વાગત કર્યુ અને કાર્યક્રમની શરૂઆત કરી. ત્યારબાદ ડૉ. વિપુલ સોમાણીએ પોતાના વકતવ્યની શરૂઆત તમામ જે વ્યાખ્યાનમાં શ્રોતા તરીકે ગાંધીજી, વિનોબાભાવેનાં આ વિષય પરના વિચારો અંગે વાત કરી. તેમણે આઝાદી પહેલા અને આઝાદી પછીની વિકાસ અંગેની ચર્ચા કરી. તેમણે ટકાઉ વિકાસ વિષયનાં સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરી. અને કુદરતી સંસાધનોનો ઉપયોગ જરૂર પૂરતો જો લોકો દ્વારા કરવામાં આવે તો આ કુદરતી સંસાધનો ભવિષ્યમાં આવનારી પેઢી પણ ઉપયોગમાં લઈ શકે તે અંગે ચર્ચા કરી, તેમના મુજબ જે પણ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરો તે કાળજીપૂર્વક કરવામાં આવે તેને જ ટકાઉ વિકાસ કહેવાય. ટકાઉ વિકાસ માટે ત્રણ બાબતો પર ડૉ. વિપુલ સોમાણીએ ભાર મુકયો તેમાં જમીન, બિયારણ અને પાણીનો જો સાવચેતીપૂર્વક અને જરૂર મુજબ ઉપયોગ કરવામાં આવે તો ટકાઉ વિકાસ થઈ શકે તેના માટે લોકોએ પોતાની કુદરતી સંસાધનોનાં ઉપયોગ માટેની માનસિકતા બદલવી જરૂરી છે. તેમણે કેટલાક ઉપાયો પણ જણાવ્યા ટકાઉ વિકાસ માટેના અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનાં જવાબ પણ આપ્યા અને પોતાનું વકતવ્ય સાંભળવા બદલ અને પોતાને વકતવ્ય આપવા માટે તક આપવા બદલ આભાર વ્યકત કરી પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યુ. ત્યારબાદ ડૉ. યોગેશ એન. વાંસિયાએ વ્યાખ્યાન દ્વારા શ્રોતાઓને માર્ગદર્શન પૂરૂં પાડવા બદલ ડૉ. વિપુલ સોમાણીનો આભાર વ્યકત કર્યો. ત્યારબાદ વીર નમસ્દ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં કુલપતિ દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવા અને આગળ પણ આવા માર્ગદર્શન પૂર્વકનાં વ્યાખ્યાનોનું આયોજન કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડયું. ત્યારબાદ અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. ગૌરાંગ રામીએ પ્રસ્તુત વિષયનાં સંદર્ભમાં પોતાનું વકતવ્ય રજુ કયુઁ અને મુખ્ય વકતાનો આભાર વ્યકત કર્યો. ત્યારબાદ ફાલ્ગુની ઠક્કરે ડૉ. વિપુલ સોમાણી, કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડા, ડૉ. ગૌરાંગ રામી, ડૉ. યોગેશ એન. વાસિંયા તથા ઓનલાઈન માધ્યમથી જોડાયેલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓનો વ્યાખ્યાનમાં જોડવા બદલ અને વ્યાખ્યાન કાર્યક્રમને સફળ બનવા બદલ આભાર વ્યકત કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરી. પ્રસ્તુત વ્યાખ્યાનમાં ૭૦ જેટલા શ્રોતાઓએ ઓનલાઈન માધ્યમથી જોડીને વ્યાખ્યાન દ્વારા માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતું.







## Department of Information and Communication Technology

### Judges Choice Award

IIT–Bombay દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાની e-Yantra Innovation Challenge: 2021-22 માં ખેતી વિષયની થીમ ઉપર દેશની વિવિધ યુનિવર્સિટીઓ અને વિવિધ એન્જિનિયરીંગ કોલેજોએ ભાગ લીધો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં એમ. એસસી (આઈ.ટી.) માં બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં પ્રોજેક્ટ "ખેતીટેક" ને IIT–Bombay દ્વારા Judges Choice Award પ્રાપ્ત થયેલ છે અને રૂા. ૪૦,૦૦૦/– નું રોકડ પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. ડિપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી.નાં પ્રાધ્યાપક ડૉ. હિતેશ લાડનાં માર્ગદર્શન હેઠળ ટીમનાં વિદ્યાર્થીઓ સંજલ દેસાઈ, ઓમ પાંડેય, સાક્ષી રંગવાલા અને પુજન ઘીવાલા દ્વારા "સ્માર્ટ સોઈલ એનાલીસીસ મેનેજમેન્ટ"નો પ્રોજેક્ટ ઈન્ટરનેટ ઓફ થીંગ્સ કોન્સેપ્ટનો ઉપયોગ કરી રજુ કરેલ હતો. યુનિવર્સિટી પરિવાર અને ડીપાર્ટમેન્ટ ઓફ આઈ.સી.ટી. તેઓની આ સિધ્ધી બદલ હાર્દિક શુભકામના પાઠવે છે.




## Department of Statistics

### Report of the inaugural Function of the Certificate Course on 'Python for Statistics'









The inaugural function of the certificate course on "Python for Statistics" was organized on 23rd March, 2022 at the Department of Statistics with the auspicious presidential presence of honourable Vice-Chancellor Dr. K N. Chavada Sir, Dr. K C. Poria Sir, Prof. and Head of the Department of Physics, VNSGU, Dr. D. C. Joshi Sir, Prof. and Head of the Department of Mathematics, the alumna and designer of the course Mrs. Smitaben Shah and other faculty members. The function started with the university song followed by the prayer and lighting of the lamp. For the admission to the first batch of the course, the department received 144

interest requests. This course is started as a part of the fruitful implementation of NEP. Dr. Kapila Manoj, Dean of the Science faculty and Dr. Jaydeep Chaudhari, I/C Registrar, VNSGU could not attend the function but conveyed their best wishes for the success of the course. The function ended with the National Anthem. The university and the department is thankful to our alumna Mrs. Smitaben Shah for designing the course and taking up the responsibility to teach first batch of this certificate course. This course will give boost to the future of the students to work as data scientists, data analyst etc.

## Department of Interior Design

### Visit









Veer Narmad South Gujarat University has been running department of interior design since 2006 in which students are taught through theoretical as well as practical approaches. This time students of second year had been taken for a visit of the Eco Home at Abhva, Surat. The owner of the house is the founder of Nature Club, Surat- Mr. Snehal Patel and it is designed by well known Ar. Falguni Desai where there is no power connection, no sewer connection and no water connection. Instead, they used solar energy, wind energy and rainwater harvesting generated in the house's premises making the house self sustained. The house is spread over an area of 16000 sq. M.

There are 600 trees of 120 varieties grown in the premises which are 25 years old. The species are selected in such a way that it attracts 55 species of birds and 45 species of butterfly and insects.For providing the habitat to these birds, they have reused plastic cans by hanging them on trees & providing appropriate holes for different birds species. They have not taken down the dried trees as it provides shelter and habitat to the species like woodpecker. Also, holes are provided in the cavity wall of house so that birds and insects can build their nest.

There is a huge pond which provides shelter to the migratory birds and is also the best way of ground water recharging. They have provided gappi fishes in all ponds to avoid mosquitoes. Within the premises, there is a kitchen garden where Mr. snehal patel grows spinach, mint, coriander, etc. There are various ayurvedic plants and tree that cure various diseases like kalencho pinata that cures kidney stone.

**Energy** :

As there is no electric supply in the house, Mr. patel uses solar energy in summer-winter and wind energy during monsoon when there is no sunlight to generate electricity.

The house is designed in such a way that the slope on the south façade is maintained at 22° to catch maximum sunlight required for the workability of solar power.

7.5 kw energy is generated through solar energy and 2.5kw through wind energy. Also, solar water heater is provided. The owner uses electric car to save energy and avoid pollution.

**House design:**

The house is designed as load bearing structure with exposed stones, exposed bricks, masonry and exposed R.C.C. The stone masonry acts as the column of the structure. Exposed brick cavity wall has been provided for that insulation.

One of the verandah is provided in the east direction for breakfast and sun bath. It also has a waterbody and a small waterfall that soothes the ears while having morning coffee. The windows of the rooms are provided above the waterbody and a reverse exhaust fan is provided that cools the room by taking in the cool evapourated air of the waterbody.

Each room has 3 window on 3 sides for providing cross ventilation. A full height window is provided on the northern façade to receive even light throughout the day and enjoy star gazing at night. The chajjas were extended upto 1m so that direct sunlight does not enter the structure in summer and it allows winter sunlight. The south façade is kept cool by planting hanging plants and creepers which freshens the air and cools it down. On the west direction, they have grown plants that provide shed in summer whereas the trees shed their leaves in winter to provide natural light. Overall, temperature difference between the outdoors and indoors is about 5°C-7°C.


**House design:**

The furniture is made of cane and bamboo which is a grass to prevent cutting of trees. These furniture are made by himself at his own carpentary workshop which is in the basement of the house. Bamboos were used as pergola which were treated in boric powder. Natural kota flooring has been used that adds coolness to the space. The stones used were also locally available stones yellow stones used in stone masonry were brought from Saurashtra and black stones were brought from Chikhli. The exposed brick is treated with transperant silicon to resist from rain and sunlight. In the entire house, Mr. Snehal Patel has taken care of electric fixtures by using 30 watt exhaust fan and 50 watt fan instead of 80 watt fans. He has also used led fixtures throughout the house and all household equipments were 5 star rating to save energy.

Roof is designed in such a way that 2 lakh water can be stored by treating in 3 stage water purification system. The top of the rainwater tank has been provided with a 6" diameter pipe connected to all rooms which lets in cool air in all rooms. There is another exhaust at higher level to throw out hot air in all rooms.

## Sculpting Workshop

Department of Interior Design has Organized Sculpting workshop in collaboration with PIDILITE INDUSTRIAL PVT. LTD. at Prathana Hall, Veer Narmad South Gujarat University, Surat. Students were introduced to the modeling product 'MOULDIT' of Pidilite Industrial. Students Understood the properties and worked with the product by pidilite expert Ms. Chhaya Kansariwala. Subject Expert and sculptor Mr. Jenish Vagh has guided students regarding sculpting articles. Students have made artistic articles. This Workshop was Organised by Asssistand Professor Ankit Changawala under guidance of Department co-ordinator Prof. Mehul Patel.











## કોલેજ ન્યૂઝ

### જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### રોબોટિક્સ માસ્ટર ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન પ્રોગ્રામ કોર્સ





તા. ૪–૪–૨૦૨૨ થી તા. ૧૬–૪–૨૦૨૨ દરમ્યાન જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, ખાતે કેસીજીની TEERTH Initiative હેઠળ 'રોબોટિક્સ માસ્ટર ટ્રેનિંગ એન્ડ સર્ટિફિકેશન પ્રોગ્રામ કોર્સ' તાલીમનું ૧૦ દિવસીય આયોજન કરવામાં આવ્યું. આ પ્રોગ્રામમાં ઈલેક્ટ્રોનિક્સ, કોડિંગ, મિકેનિકલ, 3D પ્રિન્ટિંગ, રોબોટ ડેવલોપમેન્ટ, પ્રોટોટાઈપિંગ, ગિયર્સ, સ્ટ્રકચર્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન લર્નિંગ અને એવિએશન ટેકનોલોજી જેવા વિવિધ પાસાંઓ આવરી લેવામાં આવ્યા હતા. જેમાં ૪૦ વિદ્યાર્થીઓ અને ૬ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો. વર્કશોપના છેલ્લા દિવસે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ ઓનલાઈન ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું તેમજ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટેની ચર્ચા કરી હતી. ઓફિસર ઓન સ્પેશિયલ ડયુટી KCG ના ડૉ. યોગેશ યાદવ પણ છેલ્લા દિવસે હાજર રહ્યા હતા અને તેમણે વિદ્યાર્થીઓને સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર વર્કશોપનું આયોજન ઈ.ચા. પ્રિ. ડૉ. રાજેશ ડી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રો. શ્વેતા પી. પટેલ દ્વારા સંકલન કરવામાં આવ્યું

હતું. પ્રો. શિવાંગી શર્મા, પ્રો. પ્રિયંકા બેરા, પ્રો. સુરભી કાછીયા અને પ્રો. નિધિ વેકરીયાએ ઇનોવેકશન કલબના સભ્ય તરીકે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### વિદાય સમારંભ

તા.૩૦–૦૪–૨૦૨૨ને શનિવારના રોજ જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સેવીકાબેન શ્રીમતી કમળાબેન ભગુભાઈ ચૌહાણના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. અમરોલી કોલેજમાં સતત ૨૭ વર્ષો સુધી સેવાકાર્યની જયોત પ્રજ્વલિત રાખી આગામી મહિને નિવૃત થતા સેવિકાબેન શ્રીમતી કમળાબેનને જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી પરિવાર તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ સ્ટાફ સભ્યોએ તેમની સાથેના ભાવભીની સંસ્મરણો વાગોળ્યા હતા. આ કાર્યક્રમમાં સમગ્ર વહીવટી સ્ટાફ સભ્યો હાજર રહ્યા હતા.





### પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.


### રકતદાન શિબિર

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી. બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, તથા જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી–સુરતને તા. ૨૪–૦૪–૨૦૨૨ને રવિવારના રોજ સુરત રકતદાન કેન્દ્ર અને રીસર્ચ સેન્ટરની ૪૫મી વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન વધુમા વધુ સ્વૈચ્છિક રકતદાન શિબિરનું આયોજન કરનાર સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજોમાં સૌથી વધુ રકત એકત્રિત કરવા બદલ અમરોલી કોલેજને પ્રથમ વિજેતા તરીકે સુરતના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી બંછાનીધિ પાની દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. રોટરેકટ કલબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન ટ્રોફીના સતત ૧૮મી વખત વિજેતા બનવા બદલ જીવન જયોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વીનભાઈ પટેલ, આચાર્યશ્રી ડૉ. મુકેશ આર ગોયાણી, તેમજ NSS ટીમના પ્રોગામ ઓફિસર શ્રીમતી જયોતિકાબેન ટેલર, બી.કોમ. કો–ઓડિનેટરશ્રી ધરીત નાયકે રકતદાન શીબીરના સૌ આયોજકોને અભિનંદન પાઠવ્યા તેમજ સૌ રકતદાતાઓનો આભાર માન્યો હતો.










## Campus Interview

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો.વી. બી.શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં વિદ્યાર્થીના અભ્યાસને સાર્થક બનાવવા તેમજ યોગ્ય રોજગારી મળી રહે એવા ઉમદા આશયથી તા. ૨૯–૦૪–૨૦૨૨ના રોજ કોલેજે Campus Interviewનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં HDFC અને Pathsala Educations નામની બે કંપનીઓ આવેલ હતી. કેમ્પસ ડ્રાઇવમાં કોલેજના કુલ ૯૨ વિદ્યાર્થીઓએ Placement આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણીના માર્ગદર્શન હેઠળ Placement Co-ordinator પ્રા. ડૉ. જીજ્ઞેશ વાઘેલા, પ્રા. ધ્રુવ ગાંગડવાલા અને પ્રા. સોયેબ જિન્દાની દ્વારા કરવામાં આવ્યું હતું. પસંદગી પામેલ તમામ વિદ્યાર્થીઓને કોલેજ પરિવાર તેમજ જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી અભિનંદન પાઠવે છે તેમજ જીવનમાં ઉત્તરો – ઉત્તર પ્રગતિ કરે એવી આશા વ્યક્ત કરે છે.





## એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા.

### બેન્કિંગ એકેડમી સેમિનાર

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં ડિબેટ કમિટિ હેઠળ બેન્કિંગ એકેડમી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી હાર્દિકભાઈ ચાવડાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કેવી રીતે કરવી, તે તૈયારીઓ કરતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી તેમજ બેન્કિંગ, જીપીએસસી તથા યુપીએસસી પરીક્ષા વગેરેનું વિશ્લેષણ સાથે સચોટ અને ઝીણવટભર્યુ માર્ગદર્શન પૂરું પાડયું હતું.

કોલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. વર્ષાબેન બી. રાણાએ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ વડે અને શાબ્દિક સ્વાગત કરી આવકાર્યા હતા, સમગ્ર કાર્યક્રમની રુપરેખા પ્રા. હરમીતસીંગ સરદારના હસ્તક કરવામાં આવી હતી અને આભારવિધી પ્રા. નિશાબેન ચાવડાએ કરી હતી. આ સેમિનાર સૌના સહયોગી સહિયારો રહ્યો હતો.





## વાર્ષિકોત્સવ

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા ખાતે, સ્ટુડન્ટસ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિટિના અન્વયે વર્ષ ૨૦૨૧–૨૨ ના "વાષિકોત્સવ" ની, શ્રી મોહનલાલ ચુનીલાલ શાહ સાંસ્કૃતિક ભવન, બીલીમોરા ખાતે શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. સમારંભના પ્રમુખ તરીકે સી.એસ. મનીષભાઈ આર. પટેલ તથા બીલીમોરા વિભાગ કેળવણી મંડળના હોદ્દેદારો શ્રી દયાસ્વરૂપભાઈ પટેલ (ઉપપ્રમુખ), શ્રી શિવજીભાઈ પટેલ (ઉપપ્રમુખ), શ્રી મગનભાઈ પટેલ (ઉપપ્રમુખ), શ્રી હૃદયનાથ પટેલ (મેનેજીંગ ટ્રસ્ટી), શ્રી ભરતભાઈ અમીન (ચેરમેન સ્ટેંન્ડીગ કમિટિ), શ્રી જસ્મીનભાઈ દેસાઈ (મંત્રી)એ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમમાં ઉત્સવ આધારીત ભારતીય સંસ્કૃતિની અવનવી ઝાંખી, રાસ, લેઝીમ, લાવણી, ભાંગડા, ફિલ્મી નૃત્ય, દેશ ભકિત નાટક, ગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત જેવી સુંદર, મનભાવન અને ઉત્કૃષ્ટ કૃતિઓ રજૂ કરાઈ હતી. મોટી સંખ્યામાં હાજર રહેલાં વિદ્યાર્થીઓ ઝૂમી ઊઠયા હતા. કાર્યક્રમ ઉષ્માસભર, શાંત અને સૌમ્યતાપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી થઈ હતી. પ્રાર્થનાથી ઉત્પન થયેલી દિવ્યતાને ભવ્ય બનાવતા મહેમાનો અને કોલેજના આચાર્યશ્રી, સાંસ્કૃતિક સમિટિના અધ્યક્ષશ્રીએ દીપ પ્રાગટય કર્યાબાદ કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. કોલેજના ઊભરતા કલાકારોના અભિનય અને સૂર ભળતાં વાતાવરણમાં નવીન ચેતનાનો સંચાર પ્રસરી રહ્યો. તમામ કૃતિઓએ પ્રેક્ષકોને રસની લ્હાણી કરાવી હતી. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમનું મંચ સંચાલન પ્રા.ડી.પી.લાડ, પ્રા.એચ.એસ.સરદાર અને પ્રા.એન.આર.ચાવડાએ તથા આભારવિધિ ડૉ.એસ.એસ.વસાવાએ કરી હતી. કાર્યક્રમમાં કોલેજ પરિવારનો સુંદર સાથ અને સહકાર મળ્યો હતો.

સમારંભના પ્રમુખશ્રીએ એમનાં વકતવ્યમાં વિદ્યાર્થીઓની શિક્ષણેત્તર પ્રવૃતિઓને બિરદાવી હતી અને યુવાનોને દેશના નેતૃત્વ માટે તૈયાર રહેવાની હાકલ કરી હતી તથા વિશિષ્ટ સિધ્ધી મેળવનારા વિદ્યાર્થીઓને ઇનામો દ્વારા અભિવાદિત કરાયા હતા. ઇ.ચા. આચાર્યશ્રી વર્ષાબેન રાણાનાં માર્ગદર્શન હેઠળ, સાંસ્કૃતિક સમિતિનાં અધ્યક્ષ પ્રા. પાર્થ ઠક્કરે કાર્યક્રમનું સંચાલન સફળતાપૂર્વક કર્યું હતું.











## એસ. બી. ગાર્ડા આર્ટ્સ એન્ડ પી. કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી.

### સિદ્ધિ






કલા સંસ્કૃતિને ઉજાગર કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકારના રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ અને યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે 'કલા મહાકુંભ ૨૦૨૧–૨૦૨૨'નું આયોજન કરવામાં આવેલ છે. નવસારી જિલ્લાનો તાલુકા કક્ષાનો કલા મહાકુંભ સરદાર પટેલ વિદ્યાભવન, જલાલપોર ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ગાર્ડા કોલેજની વિદ્યાર્થિઓએ ગરબા સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો તથા એકપાત્રીય અભિનય અને ચિત્રકલા સ્પર્ધામાં પ્રશંસનીય દેખાવ કર્યો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓના નામ નીચે મુજબ છે.

**ગરબા સ્પર્ધા :**

૧. કુમાવત વિશ્ના એ., ૨. પટેલ હિરન કે., ૩. પટેલ કોમલ ડી., ૪. ચૌહાણ વિશાખા એ., ૫. પટેલ ઈશા પો., ૬. આહિર પલ્લવી એસ., ૭. વિશ્વકર્મા સંજના સી., ૮. ઢીમ્મર ભારતી ડી., ૯. કહાર ખુશી એચ., ૧૦. પટેલ ઈશા બી., ૧૧. ભરવાડ સાક્ષી ડી., ૧૨. પટેલ હેમાંગી કે., ૧૩. હરિજન મમતા એસ., ૧૪. પટેલ મહેક બી.

**એકપાત્રીય અભિનય :** ૧. પ્રજાપતિ લતા ડી.

**ચિત્રકલા :** ૧. પટેલ અંકિતા એ.

આ સિધ્ધિ મેળવવા બદલ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર, ઉપાચાર્યશ્રી પ્રા. મહેશભાઈ નાયક, સાંસ્કૃતિક સમિતિના સભ્યો તેમજ સમગ્ર કોલેજ પરિવાર અભિનંદન પાઠવે છે.

## શ્રીમતી સી. ડી. જોબલીયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ. એસ. આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપી.

### Beauty and Wellness Course



શ્રીમતી સી. ડી. જોબાલિયા રોફેલ આર્ટસ એન્ડ શ્રીમતી આઈ. એસ. આર. અચ્છારિવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપીમાં પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત 'Beauty & Wellness Course' તા. ૨–૩–૨૦૨૨ થી ૧૪–૩–૨૦૨૨ દરમ્યાન યોજાયો. વિદ્યાર્થીઓ સ્વાવલંબી બને અને આજીવિકા પ્રાપ્ત કરી શકે એ જ કોર્ષ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. અમિતાબેન ટંડેલે કર્યું હતું.

### Ploeg Run

રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વાપીમાં એન.એસ.એસ. અને "આઝાદીના અમૃત મહોત્સવ પાંચ પ્રકલ્પ"ના સંયુકત ઉપક્રમે તા. ૨૩–૩–૨૦૨૨ના રોજ શહીદદિન નિમિત્તે Ploeg Run નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૫ સ્વયંસેવકો તેમજ પ્રોગ્રામ ઓફિસરો દ્વારા શહીદોને શ્રદ્ધાંજલી આપવામાં આવી સાથે શહીદી વિષય ઉપર સ્લોગન સ્પર્ધા યોજાઈ. આ સ્પર્ધામાં ૨૩ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યો હતો.





### ઇનામ વિતરણ કાર્યક્રમ








શ્રીમતી સી. ડી. જોબાલિયા રોફેલ આર્ટ્સ એન્ડ શ્રીમતી આઈ. એસ. આર. અચ્છારિવાલા રોફેલ કોમર્સ કોલેજ, વાપીમાં, પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ ઈનામ વિતરણનો પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં મુખ્ય અતિથિ પ્રિ. ડૉ. અશોકભાઈ દેસાઈ (કોમર્સ ફેકલ્ટીના ડીન તથા વાડીયા વિમેન્સ કોલેજના આચાર્ય) વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક ઉદ્બોધન આપ્યું હતું. જેમાં રમત–ગમત, એન.એસ.એસ.ની વિવિધ પ્રવૃતિ, જ્ઞાનધારા, જી.એસ. ટી., વિમેન સેલમાં થયેલ પ્રવૃતિઓ અને એન.એસ.એસ. તથા એન.સી.સી. માં બેસ્ટ કેડેટ્સને સમ્માનિત કરાયા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. હમિતા ટંડેલ અને ડૉ. જગદીશ પટેલે કર્યું હતું.

## શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ.

### વર્કશોપ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડના સંયુકત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તા. ૪–૪–૨૦૨૨ના રોજ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ખાતે આયોજીત વર્કશોપમાં કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના હસ્તે એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પરિસરમાં ગ્રીન કલબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતુ.











## સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન, ભરૂચ.

### ૧૧માં ખેલ મહાકુંભ



તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ. કોલેજ ભરૂચમાં જિલ્લા કક્ષાએ ૧૧માં ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૪–૦૩–૨૦૨૨ ના રોજ કુસ્તી સ્પર્ધામાં બી.કોમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સિંઘ અનિશ અને કુમકુમ બારોટે ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. જેમાં તા. ૨૪–૩–૨૦૨૨ના રોજ હેન્ડબોલની સ્પર્ધામાં બી.એડ.ની ૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૨ વિદ્યાર્થિનીઓ વસાવા પારૂલ અને પરમાર વર્ષાની સ્ટેટ લેવલે પસંદગી થઈ હતી.

તદુપરાંત ગોળાફેંક સ્પર્ધામાં એફ.વાય. બી.એડ. માંથી સેવક અવની, સોલંકી દિવ્યા, વસાવા ઉષા, પઠાણ સુમૈયા, રાજ ધ્રુવી અને પટેલ ધ્રુનિશા એમ. મળી ૬ વિદ્યાથીનીઓએ ભાગ લીધો હતો. જેમાં વસાવા ઉષા અને સોલંકી દિવ્યાબેને તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. દોડની સ્પર્ધામાં એફ.વાય.બી.એડ.ની વિદ્યાર્થીની ગામિત મહિમાએ ૧૫૦૦ મીટર અને ૮૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો તથા એફ.વાય. બી.એડ.ની વિદ્યાર્થીની ખેર નિધિએ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ અને ગોહિલ પ્રતિક્ષાએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી દિનેસભાઈ પંડયાની વિશેષ ઉપસ્થિતિમાં GNFCના HR મેનેજરશ્રી પંકજ સનાદે તથા નારદેશ GNFCના પ્રોજેક્ટ હેડ શ્રી નિતેશ નાયક મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ભરુચ જીલ્લા રમતગમત અધિકારીશ્રી વિરલ પટેલ તેમજ ભરુચ સિનિયર કોચશ્રી રાજનસિંહ ગોહિલ ઉપસ્થિતિ રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

### સેલ્ફ અવેરનેસ ફોર વુમેન્સ






તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન મહિલા બી.એડ. કોલેજ ભરૂચ તથા મહિલા પોલીસ સ્ટેશન, ભરૂચ જિલ્લાના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬–૦૪–૨૦૨૨ના રોજ 'સેલ્ફ અવેરનેસ ફોર વુમેન્સ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી. ડી. જણકાટ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી. કાર્યક્રમના મુખ્ય અતિથિશ્રી પી. ડી. જણકાટનું બી.એડ.ના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. આશ્કાબેન શુકલ તથા શ્રી જશવંતભાઈનું અધ્યાપક શ્રી સંગીતાબેન દ્વારા દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું

પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી. ડી. જણકાટે પોતાના વકતવ્યમાં જણાવ્યુ કે, આજના સમયમાં ઘણા અસામાજીક

તત્વો દ્વારા મહિલાઓને હેરાન કરવામાં આવે છે. આધુનિક સમયમાં મહિલાઓ દરેક ક્ષેત્રે આગળ વધી રહી છે ત્યારે શિક્ષણ અને નોકરી માટે દૂર આવવું પડતું હોય છે ત્યારે મહિલાઓએ ખાસ જાગૃત અને નીડર રહેવાની જરૂર છે. નીડર બની સમયસર પોલીસને જણાવવું જોઈએ. જેથી પોલીસ મહિલાની મદદ કરી શકે. મહિલાઓને હેરાન કરનારા અસામાજિક તત્વો માટે ભરૂચ જિલ્લાની પોલીસ દ્વારા She Team ગાડીની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં સુરત શહેરમાં ગ્રીષ્મા વેકરિયા જેવી ઘટના ફરીથી નહી બને તે માટે 'She Team' ની ગાડીની વ્યવસ્થા કરવામા આવી છે. જો મહિલા આવી કોઈ સમસ્યાનો ભોગ બને તો તે મહિલાએ તત્કાલિક ૧૦૦ નંબર ડાયલ કરી 'She Team' ની ગાડી મોકલવાનું કહેતા તરત જ આ ગાડી તે સ્થળે હાજર થઈ મહિલાની મદદ કરશે. વધુમાં તેમણે જણાવ્યું કે, ગુજરાત પોલીસ દ્વારા મહિલાઓ માટે કરાટે સુરક્ષા સેતુ દ્વારા 'સેલ્ફ ડિફેન્સ' ટ્રેનિંગ આપવામાં આવે છે તો દરેકે દરેક મહિલાએ આ ટ્રેનિંગ જરૂર લેવી જોઈએ જેથી તે પોતાની જાતની રક્ષા કરી શકે. તેમણે જણાવ્યું કે, કોઈ બહેનને ખાનગીમાં પણ તેમને મળવું હોય તો મળી શકે છે અને નીડરતાથી પોતાની સમસ્યા જણાવી શકે છે જેથી તેઓ તેમની મદદ કરી શકે.

પોલીસ ઇન્સપેક્ટરશ્રી પી.ડી.જણકાટરે પોતાનો કિંમતી સમય આપી વિદ્યાર્થીનીઓને માર્ગદર્શન આપ્યું અને આગળ પણ માર્ગદર્શન આપતા રહેશે એ બદલ બી.એડ. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશ્કાબેન શુકલએ તેમનો આભાર વ્યકત કર્યો. અંતે સમુહમાં રાષ્ટ્રગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી.

## દીપજયોતિ કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ.

### ઉત્કુષ્ટ દેખાવ

તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ, ભરુચ જિલ્લા કક્ષાએ ૧૧માં ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા. ૨૪–૦૩–૨૦૨૨ ના રોજ કુસ્તી સ્પર્ધામાં બી.કોમ.ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સિંઘ અનિશ અને કુમકુમ બારોટે ભાગ લઈ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો.

આ ખેલ મહાકુંભમાં હેન્ડબોલની સ્પર્ધામાં ૩૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં તા. ૨૪–૩–૨૦૨૨ના રોજ હેન્ડબોલની રમતમાં બી.કોમ.ની ૪ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જે પૈકી ૩ વિદ્યાર્થિનીઓ પાટિલ સિદ્ધિ, મૌર્ય કાજલ અને પરમજીત કૌરની સ્ટેટ લેવલે પસંદગી થઈ હતી. આ ઉપરાંત ૧૫૦૦ મીટર દોડમાં એસ.વાય.બી.કોમ.ની વિદ્યાર્થિની ચૌધરી સાક્ષીએ તાલુકા કક્ષાએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો અને તેમની જિલ્લા કક્ષાએ પસંદગી થઈ હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાની વિશેષ ઉપસ્થિતિમાં GNFC ના HR મેનેજરશ્રી પંકજ સનાદે તથા નારદેશ GNFC ના પ્રોજેકટ હેડ શ્રી નિતેશ નાયક મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ભરુચ જીલ્લા રમતગમત અધિકારીશ્રી વિરલ પટેલ તેમજ ભરુચ સિનિયર કોચ શ્રી રાજનસિંહ ગોહિલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.






### વેબિનાર


તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત દિપજયોતિ કોલેજ ઓફ કોમર્સમાં તા. ૨૯–૦૪–૨૦૨૨ના રોજ 'Awareness Program of Stock Market' વિષય પર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રિસોર્સ પર્સન તરીકે ડૉ. વી. આદિત્ય શ્રી નિવાસ કે જેઓ બોમ્બે સ્ટોક એક્ષચેન્જ બ્રોકર્સ ફોરમના ચીફ ઓપરેટિંગ ઓફિસર અને ચીફ ઈકોમનોમીસ્ટ છે.


વેબિનારની શરૂઆત બી.કોમ.ના પ્રો. ઝૈનાબ કાગદીએ સંસ્થા વિશે માહિતી આપી. ડૉ. વી. આદિત્ય શ્રી નિવાસનો પરિચય બી.કોમ. ના અર્થશાસ્ત્રના સહાયક પ્રો. અનિલ જોશી દ્વારા કરવામાં આવ્યો. ડૉ. વી. આદિત્ય શ્રી નિવાસે અત્યાર સુધીમાં ઈન્ડિયન ઈકોનોમી અને સ્ટોક માર્કેટ પર ૨૦૦ સેશન કરી ચુકયા છે. ૨૩ પેપર નેશનલ લેવલે અને ૩૫ ઈન્ટરનેશનલ લેવલે પબ્લિશ કરી ચૂકયા છે અને ઘણા દેશોની અકેડેમિક વિઝિટ પણ કરી ચૂકયા છે.

ડૉ. વી. આદિત્ય શ્રી નિવાસે P.P.T. દ્વારા સ્ટોક માર્કેટથી સૌને માહિતગાર કર્યા હતા. જેમા તેમણે સ્ટોક માર્કેટમાં ટ્રેડિંગ એકાઉન્ટ અને ડિમેટ એકાઉન્ટ કઈ રીતે ખોલવામા આવે છે, ઈન્વેસ્ટમેન્ટ કઈ રીતે અને કયાં કરવું,

ટ્રેડિંગ એકાઉન્ટમાં ટોટલ ઈક્વીટી કેટલી હોવી જોઈએ, બ્રોકર કઈ રીતે પસંદ કરવા વગેરે વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે અંતે પ્રશ્નોતરી દ્વારા વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉકેલ આપ્યા હતા.

આ વેબીનારમાં ૧૩૫ ઉપરાંત રજીસ્ટ્રેશન કરી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર વેબિનારનું આયોજન બી.કોમ.ના ઈકોનોમિકસના પ્રાધ્યાપક અનિલ જોશીએ કરી. બી.કોમ.ના પ્રાધ્યાપક ડૉ. ખુશાલી જોશી દ્વારા આભારવિધિ કરી આ વેબિનારનું સમાપન કરવામાં આવ્યું. દિપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ દ્વારા આગામી દિવસોમાં સ્ટોક માર્કેટની વિસ્તૃત જાણકારી પર ૭ દિવસીય વર્કશોપનું પણ આયોજન કરવામાં આવનાર છે.






## શ્રીમતી તનુબેન એન્ડ ડૉ. મનુભાઈ ત્રિવેદી કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ (બી.સી.એ.), સુરત.

### સ્પર્ધા : મારો મત એ મારુ ભવિષ્ય – એક મતની તાકાત

ભારત સરકારના ચૂંટણીપંચ SVEEP (Systematic Voter's Education and Electral Participation) અંતર્ગત મારો મત એ મારુ ભવિષ્ય છે. એક મતની તાકાતના મહત્ત્વને સમજવા માટે "મારો મત એ મારુ ભવિષ્ય–એક મતની તાકાત" – હેઠળ મતદાર જાગૃતિ સ્પર્ધા ચાલુ કરવામાં આવેલ છે. તેના અનુસંધાનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી તનુબેન એન્ડ ડૉ.મનુભાઈ ત્રિવેદી કોલેજ ઓફ ઈન્ફોર્મેશન સાયન્સ (બી.સી.એ.) કોલેજ, સુરતમાં તા. ૦૭–૦૩–૨૦૨૨નાં રોજ (૧) કિવઝ સ્પર્ધા, (૨) સ્લોગન સ્પર્ધા, (૩) ગીત સ્પર્ધા, (૪) વિડિયો બનાવવાની સ્પર્ધા અને (૫) પોસ્ટર ડિઝાઈન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કોલેજની બધુ મળી ૧૧૦ વિદ્યાર્થીનીઓએ અને ૦૨ ગ્રુપએ ભાગ લીધો હતો.

પ્રો. ભૌતિકાબેન પટેલએ વોટિંગનું મહત્ત્વ અંગે સવિસ્તાર બંધારણીય સમજ વિદ્યાર્થીનીઓને આપી હતી. તેમજ મતદાન જાગૃતિ માટે માર્ગદર્શન આપ્યું હતું તથા નવા વોટર રજીસ્ટ્રેશનની કામગીરી કરવામાં આવી હતી.

આ મતદાર જાગૃતિ સ્પર્ધાના કાર્યક્રમ દરમ્યાન રાજય સરકારના પ્રતિનિધિ તરીકે (૧) શ્રી મિતેષભાઈ એન. પટેલ (ERO-૧૬૫–મજૂરા વિધાનસભા અને ડેપ્યુટી કલેકટરશ્રી, (૨) શ્રી ગૌરવભાઈ ડી. પટેલ (ડેપ્યુટી મામલતદાર–૧૬૫ મજૂરા વિધાનસભા), (૩) શ્રી નિલેશભાઈ ચૌહાણ (ડેપ્યુટી મામલતદાર – ચૂંટણી શાખા) અને (૪) શ્રીમતી અમીબેન કરંજીયા (ડેપ્યુટી મામલતદાર) ઉપસ્થિત રહી વિદ્યાર્થિની બહેનોમાં જાગૃતિ આવે તે માટે ભારતનાં બંધારણીય જોગવાઈ મુજબ એમ મતનું મહત્ત્વ અને એક નાગરિક તરીકે જવાબદારી સમજી સક્રિય રહેવા વિગતે સવિસ્તાર પ્રેરક માહિતી સાથે સમજણ આપી હતી.

અંતમાં આ સમગ્ર કાર્યક્રમની સફળતામાં કેમ્પસ એમ્બેસેડર તરીકે નિયુક્ત વિદ્યાર્થિની કુ.હેત્વી જરીવાલાના પરિશ્રમની અત્રે નોંધ લીધી હતી.



## નવયુગ કોમર્સ કોલેજ, સુરત.

### મેડલ



ગુજરાત રાજ્ય જુડો એસોસિએશન દ્વારા આયોજીત ગુજરાત રાજ્ય જુડો ચેમ્પિયનશિપ સિનયર બહેનોની જુડો સ્પર્ધા વડોદરા ખાતે યોજાઈ હતી. જેમાં નવયુગ કોમર્સ કોલેજમાંથી એફ.વાય.બી.કોમ.માં અભ્યાસ કરતી કું. વૈશ્નવી નિલેશભાઈ પ્રજાપતીએ ૭૦ કિ.ગ્રા. ગ્રુપમાં ભાગ લઈ તૃતિય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. જે બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### પસંદગી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ કરાટે સ્પર્ધામાં શ્રી દિવ્યાંસ કે. પરિવાલ (એફ.વાય.બી. કોમ.) અંડર ૫૫ કિલો ગ્રુપમાં પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટીમાં પસંદગી પામ્યા હતા. તેમજ સમગ્ર યુનિવર્સિટીમાં બેસ્ટ આઠ ખેલાડીઓમાં સ્થાન પ્રાપ્ત કરી ખેલો ઈન્ડિયામાં પસંદગી પામ્યા હતા. આ સ્પર્ધા ઈન્ડોર એરેના ઓફ સ્કુલ ઓફ એન્જીનીરીંગ એન્ડ ટેકનોલોજી કેમ્પસ ખાતે યોજાનાર છે, આ સ્પર્ધા માટે તા. ૨૬ એપ્રિલ ૨૦૨૨ના રોજ રવાના થશે. આ સિદ્ધિ બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ, પ્રા. ડૉ. રાજેશભાઈ નાયક તથા શારિરીક શિક્ષણના પ્રા. સી. કે. અસારિયા તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara.

### World Health Day






College celebrated "World Health Day 2022" organized by Community Medicine Department Dr. Dhiral Vyas, Faculty of Community medicine department. Delivered speech on importance of health. Students of 4th & 3rd BHMS performed dramas on the theme of 'Shark tank', 'Dhuan dhuan' & 'De-addiction'. Niyati Shah & Hiteshi Patel delivered speech on health and deaddiction. Chitrangi Patel demonstrated Taekwondo self defence techniques for females. There was a great learning from the entire event and it was fully entertaining event. College rewarded all participants with certificates and gift of ballpens. Dr. Tushar Dhimmer offered vote of thanks. The entire event arranged by Activity committee under the guidance of Principal Dr. Jyoti Rao.

### Celebration

On March 17th, C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara allowed the students to celebrate Holi. There were few rules followed to avoid inconveniences to others. The colors

used in during the celebrations were free of pollutant compounds. This celebration is mainly to bring out the Indian culture and unite all the students despite of their variations.

All the faculty members also celebrated the Holi festival. The Celebration begin with the saraswati Pooja and ended with small refreshment arranged by Institute, for all the faculty members. Whole programme was arranged by Activity Committee under the guidance of Principal Dr. Jyoti Rao.





## Orientation Programme

On 19/04/2022 C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara organized orientation programme for 1st BHMS new batch 2021-2022 Programme was started by Deep Pragatya followed by welcome speech by Principal Dr. Jyoti Rao. Then Dr. Bhavin Modi gave introduction about college to all the students & their parents, Mr. Daxeshbhai Shah gave information about trust & Administration, Dr. Meena Kalra gave information about Hospital, Then Dr. Bhumika Chaudhari Explained about various sports activity conducted by college & Dr. Kirti Soni explained them about College Library & Dr. Anjali Sindhi gave information about various activities conducted by college for students & staff. Programme was ended by motivational speech by Dr. Ghanshyam Raval & by Dr. Ajay Desai & lastly Dr. Swapnil Khengar enclosed the programme by vote of thanks & National Anthem. After that lunch was arranged for parents, students & staff by institute. After lunch all students were educated about all respective subjects of 1st BHMS at college class room.

Whole programme was conducted by Dr. Dhruni Gavli & team under the guidance of Principal Dr. Jyoti Rao.







## Spiritual Programme

On 5th April 2022, as part of the centenary celebrations of Shri Pramukh Swami Maharaj, the college organized a spiritual programme by Shri Adarsh Seva Swamiji and Shri Pavitra Muni Swamiji with the motto "My Life Happy Life, My Family Happy Family" on the theme of De-addiction and Family Peace. The occasion was very encouraging and

inspiring for all the students and staff of the college. The members of the activity committee successfully organized the programme under the guidance of Principal Madam Dr. Jyoti Rao.





## World Homoeopathy Day- 2022

On 9/4/2022 C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara celebrated "World Homoeopathy Day" by arranging Free Homoeopathic Camp for "Post Covid Complaints" at Kalidas Hospital & College awarded with Certificates, Trophy and Medals to those students who have achieved in various field throughout the year then college has arranged a Quiz Competition in which 2nd BHMS, 3rd BHMS & 4th BHMS students took part. There were total 12 Teams among them top 5 teams were awarded with Certificate and Prize Money. Other Teams were honoured with Certificate of Participation.

**1st Prize - Rs. 2001/- Calcarea Fluor Group:**

SORATHIYA EKTA RAMESHBHAI - 4th Year BHMS
SHIROYA ABHISHEK BALUBHAI - 4th Year BHMS
PANKHANIYA SANDIP ANILBHAI - 3rd Year BHMS
AHIR JINAL RAJESHBHAI - 2nd Year BHMS

**2nd Prize - Rs. 1601/- Natrum Sulph Group:**

PANCHAL RAJKUMAR HARSHAD - 4th yr. BHMS
CHAUHAN MANSI KAMLESH - 4th yr. BHMS
KAPDI VINIT NITINKUMAR - 3rd Year BHMS
NASIT HARSHILBHAI SANJAYBHAI- 2nd Year BHMS

**3rd Prize - Rs. 1201/- Kali Sulph Group:**

PATEL HETVI UMESHBHAI - 4th Year BHMS
NAKRANI ISHAKUMARI JAYESH - 4th Year BHMS
PATEL SALONI MANOJBHAI - 3rd Year BHMS
KANPARIYA MANSI RASIKBHAI - 2nd Year BHMS

**4th Prize - Rs. 901/- Calcarea Sulph Group:**

PARMAR RAHUL JUVANSING - 4th Year BHMS
DAYMA VIJAYKUMAR SANTOSH - 4th Year BHMS
SOLANKI DHRUTI RAJNIKANT - 3rd Year BHMS
NABDE NIKHILESH RAMESH - 2nd Year BHMS

**5th Prize - Rs. 701/- Kali Phos Group:**

PATEL NIDHI SHAILESHKUMAR - 4th Year BHMS
PARMAR HARSHAD RANJITBHAI - 4th Year BHMS
MORYA AKASHKUMAR RAMUBHAI-3rd Year BHMS
BHALIYA VIBHUTI GUNVANTBHAI - 2nd yr. BHMS

Whole programme was conducted by Staff of College under the guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.







## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### ઈનામ વિતરણ કાર્યક્રમ







ઉધના કોલેજ દ્વારા તા. ૨૨–૦૩–૨૦૨૨ને મંગળવારના રોજ ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી ભાણજીભાઈ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી નિરંજનભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી કાંતિલાલ એસ. પટેલ, ખજાનચી શ્રી અમૃતભાઈ એલ. પટેલ, સહમંત્રીશ્રી નરેશભાઈ આર. શાહ તથા દાતા ટ્રસ્ટીશ્રી હેત દેસાઈએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહન પૂરું પાડયું હતું તથા તમામ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી. આમંત્રિત મહેમાનો, સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં. કોલેજના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો તથા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૧–૨૨નો અહેવાલ રજુ કર્યો હતો. ડૉ. રૂદ્રી પુરોહિતે ટ્રસ્ટીશ્રીઓને પરિચય આપી તેઓનું સ્વાગત કર્યું હતું. સપ્તધારા સમિતિઓના હેડ દ્વારા વર્ષ દરમ્યાન કોલેજમાં થયેલ વિવિધ પ્રવૃતિઓનો વિસ્તૃત ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. સપ્તધારા હેઠળ કોલેજ તથા આંતર–કોલેજ કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૦૨૨ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ, રમતો, સ્પર્ધાઓ તથા અભ્યાસમાં વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર કોલેજનાં વિદ્યાર્થીઓને આ સમારંભમાં પારિતોષિક દ્વારા સન્માનવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત અધ્યાપકોની સિદ્ધિઓને પણ બિરદાવી એમનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ડૉ. ત્વીષા પરમારે કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉધના કોલેજ પરિવારના તમામ સભ્યો તેમજ વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

### મોક ઈન્ટરવ્યુ

ઉધના કોલેજમાં પથદર્શક કલબ (વાણિજય વિભાગ) હેઠળ તા. ૨૪–૩–૨૦૨૨ ના રોજ નોકરીના ઈન્ટરવ્યુ માટે એક ગ્રુમિંગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુમાં હાજર રહેતી વખતે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ એ બાબતો વિશે ડૉ. પલ ખરાસ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૨૫–૩–૨૦૨૨ના રોજ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુના વાતાવરણથી પરિચિત કરવાના ઉદ્દેશ્ય સાથે "મોક ઈન્ટરવ્યુ" નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મોક ઈન્ટરવ્યુમાં સુમન નાયક પ્રથમ તેમજ તરન્નુમ ખાન દ્વિતીય ક્રમે રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કોલેજનાં પ્રાધ્યાકો પ્રા. તથાગત પટેલ, પ્રા. ફૈસલ પટેલ અને પ્રા. માધુરી ભાયાવાલા દ્વારા આચાર્યશ્રી ડૉ. મેહુલ દેસાઈ, ઉપાચાર્યશ્રી ડૉ. ડેઝી તેક્કનાલ, ડૉ. મનીષ કાયસ્થ, કો–ઓર્ડિનેટરશ્રી ડૉ. તેજસ ઘડિયાલી તેમજ વાણીજ્ય વિભાગ અને પથદર્શક કલબનાં વડા ડૉ. પલ ખરાસનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.





## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-4-2022 to 30-04-2022

| Detail | Description | April-2022 | |
|---|---|---|---|
| User | Visitors | 2968 | |
| | Internet Lab User | 43 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 27 | |
| | Research Scholars | 22 | |
| | Citizens | 1 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | 586 | |
| | Total | | 3647 |

Soursce : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| April-2022 | 494 | 592 |

Soursce : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | April-2022 | 14 |

Soursce : Dr. Parul Patel, Technical Assistant, Circular Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | April-2022 | 15 |

Soursce: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificarte |
|---|---|---|
| 1 | April-2022 | 12 |

Soursce: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. B. J. Ankuya**
I/c. University Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Publisher : Dr. Jaydip N. Chaudhari**
I/c. Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : ડૉ. બી.જે.અંકુયા, તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayanlibrary.vnsgu@gmail.com

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgulibrary.org.in